**કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.⁺ પરીક્ષા પાસ કરવા અંગે.**

ગુજરાત સરકાર,

સામાન્ય વહીવટ વિભાગ,

પરિપત્ર ક્રમાંક - પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૩૧-૧-૨૦૧૩

વંચાણે લીધા ::

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૬-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-અતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૬-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૧૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનુ તા. ૧૫-૬-૨૦૧૨ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૨-૧૩-અતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૧-૧-૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩-૦૧-અતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સબંધિત C.C.C./C.C.C.⁺ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં , સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સબંધિત પરીક્ષા તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે,તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી. જે મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક આગળના જાહેરનામાથી તે મુદત તા. ૩૧-૩-૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ છે. આ મુદત હવે તા.૩૧-૩-૨૦૧૩ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

ઉક્ત નિયમોમા તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય, વયનિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારી/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) જે કર્મચારી / અધિકારીઓને છેલ્લે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા કર્મચારી / અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ ની તાલીમમાં મોકલવા માટે પ્રથમઅગ્રતા આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ/અધિકારીઓને તા.૧-૧-૨૦૧૩ કે ત્યારબાદ C.C.C./C.C.C.+ની પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ની તાલીમમાં મોકલવા માટે દ્વિતિય અગ્રતા આપવાની રહેશે.

(૩) તા.૧-૪-૨૦૧૩ ના રોજથી જેમણે C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારી/અધિકારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) જે કર્મચારી/અધિકારીઓ કે જેઓ લાગુ પડતી સંબંધિત C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કર્યા વિના તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય , વય નિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ની પરીક્ષામાથી મુક્તિ આપવાની રહેશે.

૨. સચિવાલયના સર્વ વિભાગને ઉક્ત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામા આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
રાજ્ય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એક્ઝીક્યુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે
નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
સિલેક્ટ ફાઈલ